# આત્મધર્મ



અહો ! એકધારાએ પરમપારિણામિકભાવની પરિણતિથી (-કારણશુદ્ધપર્યાયથી) શોભિત ચૈતન્ય ભગવાન બિરાજી રહ્યો છે. દ્રવ્યે-ગુણે તો પૂરો છે પણ પર્યાયમાં પણ પરિપૂર્ણ ભગવાન અનાદિ અનંત એકધારાએ જ્યારે જુઓ ત્યારે વર્તમાનપણે બિરાજી રહ્યો છે—શોભી રહ્યો છે.

—*કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૫ સં. ૨૦૬૨ [૭૪૫] * **આત્મધર્મ** * [અંક-૫ વર્ષ-૬૨] વીર સં. ૨૫૩૨ નવેમ્બર-૨૦૦૫

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જીવોંકો દુઃખ—સંકટોંસે સદા રક્ષા કરનેવાલા ધર્મ હી હૈ, ઈસલિયે અનંત સુખકે દેનેવાલે ઉસ ધર્મમેં હે ભાઈ! તૂ પુરુષાર્થ કર. ૯૦૦.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૭૨)*

❀ વિષય-કષાયોમાં જતાં મનને પાછું વાળીને નિરંજન તત્ત્વમાં સ્થિર કરો. બસ! આટલું જ મોક્ષનું કારણ છે; બીજા કોઈ તંત્ર કે મંત્ર મોક્ષના કારણ નથી. ૯૦૧.

*(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૬૨)*

❀ જ્ઞાન દર્શનલક્ષણવાળો શાશ્વત એક આત્મા મારો છે; બાકીના બધા સંયોગ-લક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે. ૯૦૨. *(શ્રી કુંદકુંદાચાર્ય, નિયમસાર, ગાથા-૧૦૨)*

❀ પં. બનારસીદાસજી કહે છે કે જેના અંતરંગમાં સમ્યગ્દર્શનની લહેરો ઉત્પન્ન થઈને મિથ્યાત્વ મોહનીય જનિત નિદ્રાની અસાવધાની નષ્ટ થઈ ગઈ છે, જેમના હૃદયમાં જૈનમતની પદ્ધતિ પ્રગટ થઈ છે, જેમણે મિથ્યાભિમાનનો ત્યાગ કર્યો છે, જેમને છ દ્રવ્યોના સ્વરૂપની ઓળખાણ થઈ છે, જેમને અરહંત કથિત આગમનો ઉપદેશ શ્રવણગોચર થયો છે, જેમના હૃદયરૂપ ભંડારમાં જૈન ઋષિઓના વચનો પ્રવેશ કરી ગયા છે, જેમનો સંસાર નિકટ આવ્યો છે, તેઓ જ જિન-પ્રતિમાને જિનરાજ સમાન માને છે. ૯૦૩. *(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, ચૌદ ગુણસ્થાનાધિકાર, પદ-૩)*

❀ જેનું મનરૂપી જળ રાગાદિ વિભાવ પરિણામો વડે ચંચળ થતું નથી તે જ નિજાત્મતત્ત્વનો અનુભવ કરી શકે છે, તેનાથી વિપરીત આત્મા સ્વાનુભવ કરી શકતો નથી. જ્યારે સરોવરનું પાણી સ્થિતર હોય ત્યારે તેની અંદર પડેલ રત્ન અત્યંત સ્પષ્ટ દેખાય છે, તેવી રીતે મનરૂપી જળ સ્થિર થતાં આત્માનો સાક્ષાત્કાર થાય છે. ૯૦૪.

*(શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૪૧)*

❀ તે સમ્યગ્દૃષ્ટિ જીવને ચારિત્રાવરણકર્મના ઉદયથી તે વિષયોમાં રતિ થાય છે પણ એ રાગને ગૌણ કરતા તે સર્વથા શુદ્ધ વીતરાગ અને અતીન્દ્રિય છે. ૯૦૫.

*(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૬૮)*

❀ ❀ ❀

કહાન સંવત-૨૫ વર્ષ-૬૨ અંક-૫ [૭૪૫]

વીર સંવત ૨૫૩૨ સં. ૨૦૬૨ November A.D. 2005





શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# દિવાળી : આત્મહિત-આરાધનાની પ્રેરણાનો મંગલ પ્રસંગ

અહો! આજે દિવાળીનો દિવસ! આસો વદ અમાસ....જ્યારે પાવાપુરીમાં વીરપ્રભુ મોક્ષપદ પામ્યા ને એ નિર્વાણ પ્રસંગે પોતાની ઉત્કૃષ્ટ આરાધનામાં જોડાઈને ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા! એક પ્રભુ પંચમગતિ પામ્યા તો બીજા પ્રભુ પંચમજ્ઞાન પામ્યા! બન્નેનો મહાન ઉત્સવ થયો....એ હતો આજનો દિન! અહો! જ્યાં મોક્ષના ને કેવળજ્ઞાનના ઉત્સવ એક સાથે ઉજવાયાં હશે એ પ્રસંગ કેવો આનંદકારી હશે? ને એ જોનાર-ઉજવનાર સૌ જીવોને કેવા મજાના શુદ્ધભાવો ઊછળતા હશે!

વીરપ્રભુના મોક્ષગમન ટાણે ગૌતમસ્વામી કાંઈ પ્રભુવિરહનો વિકલ્પ કરવા ન બેઠા પણ જ્ઞાયકની અનુભૂતિમાં વધુ ઊંડા ઊતરીને આત્મસાધનામાં-મોક્ષસાધનામાં મગ્ન બન્યા ને કેવળજ્ઞાન પામીને સર્વજ્ઞ પરમાત્મા થયા ને તેમના શિષ્ય સુધર્મસ્વામી તે જ દિવસે શ્રુતકેવળી બન્યા.

ત્યાર પછી તીર્થંકરપ્રભુની એ કુળ-પરંપરા ચાલતી ચાલતી શ્રીગુરુઓ દ્વારા પરમોપકારી પૂજ્ય-ગુરુદેવશ્રી અને પૂજ્ય બેનશ્રી સુધી પહોંચી અને આપણે સૌ એ કુળ-પરંપરા પામીને કૃતાર્થ બન્યાં. કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે પ્રાપ્ત આ તીર્થંકર ભગવંતોના વીતરાગમાર્ગને ઉપાસીને આપણે સૌ પણ આપણા તીર્થંકર ભગવંતો અને ભાવિ ભગવંતોના સિદ્ધદેશમાં જઈને સદાકાળ તેમની સાથે રહીએ-એવી આજના વીર-નિર્વાણ-કલ્યાણકના-આત્મ-આરાધનાની પ્રેરણાના આ મંગલ-મહોત્સવ પ્રસંગે ભાવના ભાવીએ....

# મુનિરાજને પ્રમત્ત-દશા પોસાતી નથી

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં. ૧૧૨)

આ, શ્રી સમયસાર નાટકનો મોક્ષદ્વાર છે. તેમાં ૩૪મું પદ્ય લેવાનું છે.

नंदन बंदन थुति करन, श्रवन चिंतवन जाप।
पठन पढावन उपदिसन, बहुविधि क्रिया-कलाप॥३४॥

અર્થ :—આનંદ માનવો, નમસ્કાર કરવા, સ્તવન કરવું, ઉપદેશ સાંભળવો, ધ્યાન કરવું, જાપ જપવો, ભણવું, ભણાવવું, વ્યાખ્યાન આપવું આદિ સર્વ શુભ ક્રિયાઓ છે.

આ મોક્ષ અધિકાર છે. તેમાં કહે છે કે શુભભાવ તો જ્ઞાની, મુનિ બધાંને આવે છે પણ તે બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. નંદન એટલે આનંદ-ધર્મનું શ્રવણ, ભક્તિ આદિમાં આનંદ આવે છે પણ તે શુભવિકલ્પ છે-શુભાચાર છે. મોક્ષમાર્ગમાં એવો ભાવ વચમાં આવે ખરો પણ તે મોક્ષમાર્ગ નથી.

ઈન્દ્ર ભગવાનને હજાર નેત્રથી જુએ છે ને! એ પણ શુભરાગ છે. પણ અહીં મુનિની પ્રધાનતાથી કથન છે. મુનિને विषं प्रणीतम्। મુનિને શુભભાવ ઝેર જેવા લાગે છે. મુનિરાજને સ્વરૂપમાં સ્થિરતા હોવા છતાં પ્રમત્તભાવમાં—છઠ્ઠા ગુણસ્થાનમાં આવા ભાવ હોય છે.

પ્રશ્ન :—છઠ્ઠા ગુણસ્થાનમાં આવો શુભરાગ ન હોય તો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—મુનિને શુદ્ધોપયોગ અને શુભોપયોગ બે જ હોય. શુદ્ધભાવ હોય ત્યારે શુભભાવ ન હોય અને શુભભાવ હોય ત્યારે શુદ્ધોપયોગ ન હોય એ સિવાય ત્રીજો ભાવ મુનિને ન હોય. મુનિદશા કોને કહે ભાઈ! જ્યાં સ્વરૂપ ઉપર દૃષ્ટિ પડીને અનુભવ થયો છે. ઉપરાંત શાંતિની વૃદ્ધિ થઈ છે, પ્રચુર સ્વસંવેદન છે. એ શુદ્ધપરિણતિ સંવર અને નિર્જરાનું કારણ છે અને સાથે જે શુભરાગ છે તે બંધનું કારણ છે. આગળ કહેશે કે વસ્તુની વ્યવસ્થા જ આવી છે તે ભગવાને કહી છે. એવી જ હું કહું છું. તને કઠણ લાગે કે ન લાગે પણ इहि विधि वस्तुव्यवस्था जैसी, जिनंद कही मैं तैसी।

અરે! ચોરાશીલાખ યોનિનાં અવતારમાં જન્મ-મરણનાં દુઃખ કેટલાં આકરાં છે!

આ તે કાંઈ આત્માને શોભે છે! આત્માની તો જ્ઞાન અને આનંદની દશા હોય પણ જીવને તેનું ભાન પણ દુર્લભ થઈ પડ્યું છે. ત્યાં એ શાંતસ્વરૂપની દૃષ્ટિ થઈને અનુભવ થવો એ તો મહા અલૌકિક વાત છે. પણ અહીં તો તેનાથી પણ આગળની—મુનિદશાની વાત કરે છે. મુનિને પ્રચુર સ્વસંવેદન તો સુખદાયી છે પણ સાથે રહેલો શુભરાગ દુઃખદાયી છે-નુકશાનનું કારણ છે.

મુનિરાજને પણ પરમાત્માને નમસ્કાર કરવાનો ભાવ આવે છે. णमो अरहंताणं। એમ કહે છે એ પણ શુભરાગ છે, સ્તુતિ પણ મુનિરાજ કરે છે. ભગવાનની સ્તુતિ કરે, ગુરુની સ્તુતિ કરે, ગુણીજનની સ્તુતિ કરે એ પણ શુભરાગ છે. સમંતભદ્રાચાર્યે તો ૨૪ તીર્થંકરની સ્તુતિ કરી છે અને કહે છે કે મને તો સ્તુતિનું વ્યસન થઈ ગયું છે. એવો શુભભાવ ભૂમિકા પ્રમાણે હોય છે પણ તે શિવમારગ નથી.

વીતરાગની વાણીનું શ્રવણ કરવું એ પણ શુભરાગ છે. ગણધરો અને મુનિઓ પણ વાણી સાંભળે છે. આત્મા આવો છે.....આવો છે એમ ઘોલન કરવું એ પણ શુભરાગ છે. ધર્મ નથી, સંવર, નિર્જરાનું કારણ નથી. શાસ્ત્રવાંચન અને લખવાનો ભાવ પણ મુનિને આવે છે પણ જો અંતરમાં ઠરી જાય તો વાંચવા-લખવાનું રહેતું નથી. મુનિને શુભરાગ આવે છે પણ તેનો નિષેધ વર્તે છે પણ તેથી શુભરાગ ન આવે—એમ નથી. જો શુભરાગ જ ન આવતો હોય તો પ્રમત્તગુણસ્થાન જ ન રહે.

મુનિરાજને પાત્ર જીવોને ઉપદેશ આપવાનો વિકલ્પ ઉઠે છે તે પણ રાગ છે, ધર્મ નથી, માટે ઉપદેશ આપવાથી નિર્જરા થતી નથી. મુનિને નિર્દોષ આહાર લેવાનો ભાવ આવે છે તે પણ શુભરાગ છે સંવર નથી. આ પ્રમાણે અનેક પ્રકારના ક્રિયા-કલાપ એટલે શુભવિકલ્પ મુનિને પણ આવે છે તે રાગ છે, વીતરાગભાવ નથી. કેમ કે વીતરાગભાવ તો આત્માના લક્ષે પ્રગટ થાય. પરના લક્ષે વીતરાગભાવ પ્રગટ ન થાય.

પ્રભુ! વીતરાગનો મારગ તો તારો મારગ છે કેમ કે તારું સ્વરૂપ જ વીતરાગ છે. 'જિન સો હી હૈ આતમા' આત્માનું સ્વરૂપ જ અનાદિ-અનંત વીતરાગ સ્વરૂપ છે, તેમાંથી બહાર નીકળવું તે રાગ છે. શુભરાગની ક્રિયાઓને ધર્મનું નામ અપાય છે પણ તે ધર્મ નથી, બંધનું કારણ હોવાથી આત્માને ઘાતનાર છે. તેથી હવે કહે છે કે....

सुद्धातम अनुभव जहां, सुभाचार तहां नांहि।
करम करम मारग विषैं, सिव मारग सिवमांहि॥३५॥

અર્થ :—ઉપર કહેલી ક્રિયાઓ કરતાં કરતાં જ્યાં આત્માનો શુદ્ધ અનુભવ થઈ જાય છે ત્યાં શુભોપયોગ રહેતો નથી. શુભક્રિયા કર્મ-બંધનું કારણ છે અને મોક્ષની પ્રાપ્તિ આત્મઅનુભવમાં છે.

શુભભાવ કરતાં કરતાં શુદ્ધ અનુભવ થાય છે એમ કહ્યું તેનો અર્થ એ છે કે સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ તો છે અને સાથે શુભરાગ પણ આવે છે તે છૂટીને જ્યારે સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે આત્માની નિર્વિકલ્પશાંતિ અનુભવાય છે અને તેને જ નિર્જરા કહેવામાં આવે છે. જ્યારે આવા શુદ્ધોપયોગરૂપ સાતમું ગુણસ્થાન આવે છે ત્યાં શુભાચાર કે શુભરાગ હોતો નથી. મુનિ પ્રમત્તભાવથી છૂટીને અપ્રમત્તભાવમાં આવે છે ત્યારે મુનિને શુભાચારના ક્રિયાકલાપ હોતા નથી.

નંદન, વંદન આદિ આઠ પ્રકારના ક્રિયાકલાપ કહ્યાં છે તે બધાં બંધનો માર્ગ હોવાથી મુનિને તેનો નિષેધ વર્તે છે. એ બધો રાગ કર્મબંધના માર્ગમાં છે. મોક્ષમાર્ગ તો સિવમાંહિ એટલે આત્મામાં છે. આત્માના આશ્રયે દૃષ્ટિ–જ્ઞાન અને રમણતા છે તે મોક્ષમાર્ગ છે–શિવમાર્ગ છે. અત્યારે મોક્ષમાર્ગ ન હોય એમ માનનારની દૃષ્ટિમાં ઝેર છે. તે એને પોતાને નુકશાન કરે છે પણ એને ખ્યાલ નથી આવતો. મોક્ષનો માર્ગ તો શુદ્ધ ચૈતન્ય આનંદધામની ક્રિયામાં હોય, કાંઈ રાગની ક્રિયામાં મોક્ષમાર્ગ ન હોય. બંધ તો બંધના માર્ગમાં હોય અને મોક્ષ મોક્ષના માર્ગમાં હોય. બંને માર્ગ જુદાં છે. ભલે સમકિતી જ્ઞાની કે મુનિ હોય પણ તેને જે શુભરાગ આવે છે તે બંધનું જ કારણ છે. જેટલાં અંશે તેમને નિર્વિકલ્પ સ્થિરતા અને શુદ્ધપરિણતિ છે એટલાં અંશે મુક્તિ છે અને જેટલી રાગની પરિણતિ છે એટલાં અંશે બંધ છે.

રાગમાં ધર્મ મનાવવામાં મૂળ કારણ એ છે કે પોતાને અંતરના માર્ગની સૂઝ પડતી નથી એટલે જેમાં સૂઝ પડે છે એવા શુભરાગને જ મોક્ષમાર્ગ માની બેસે છે અને બીજાંને પણ એમ ઉપદેશે છે.

અહા! બહારમાં કાંઈ ક્યાંય શરણ નથી. દેહ છૂટશે ત્યારે આંતરડા ખેંચાય કે છાતીમાં દુખાવો થાય ત્યારે તેનાથી ભેદજ્ઞાન નહિં કર્યુ હોય તો કોનું શરણ લઈશ? ભગવાનનું શરણ લઈશ તે પણ વિકલ્પ છે તેનાથી શાંતિ નહિ થાય. શાંતિ તો એકમાત્ર નિર્વિકલ્પ નિજ ચૈતન્ય ભગવાનના શરણે જ થશે. દામોદર શેઠનો દીકરો રાયચંદ છ મહિનાનાં પરણેતરે ગુજરી ગયો હતો. તેની તિથિમાં રોવાવાળી બાયુને બોલાવી હતી. એ સાંભળીને બધાનાં હૃદય પીગળી જતાં હતાં કોણ બચાવી શક્યું? કોણ શરણ થયું? આબરૂ, કીર્તિ કાંઈ કામ ન લાગ્યાં એ છોકરો પૂના ભણતો ત્યારે એકવાર બાપને કાગળમાં લખ્યું હતું કે અમારે ભણવાની ફી, રહેવા-જમવાના ખર્ચ ઉપરાંત ખીસ્સા ખર્ચના રૂા. ૨૦૦ જોઈશે. અમે કાંઈ ગરીબ ઘરના

નથી કે થોડાં પૈસે ચલાવીએ. ઘરમાં રોકડાં પૈસા આવે છે ત્યારે ઉપાડવામાં કમ્મર અમારી ભાંગે છે, માટે પૈસા મોકલવામાં ખેંચ ન રાખશો. જુઓ! આ દીકરો ત્રણ મહિનાની બિમારીમાં ચાલ્યો ગયો. બિચારો સ્વરૂપની દૃષ્ટિ વિના ચાલ્યો ગયો. આત્માના ભાન વગરના મરણ એ કાગડાં-કૂતરાનાં મરણ જેવા છે. ચૈતન્યભગવાનનું શરણ એ જ સાચું શરણ છે. એ સિવાય કોઈ શરણ નથી.

આ ૩૫મુ પદ્ય થયું. करम करम मारग विषै, सिव मारग सिवमांहि। હજુ ૩૬મા પદ્યમાં એ જ વાત વિશેષ સ્પષ્ટ કરે છે.

इह बिधि वस्तुव्यवस्था जैसी।
कही जिनंद कही मैं तैसी॥
जे प्रमाद संजुत मुनिराजा।
तिनके सुभाचार सौ काजा॥३६॥

અર્થ :—ગ્રંથકાર કહે છે કે આ રીતે પદાર્થનું જેવું સ્વરૂપ જિનરાજે કહ્યું છે તેવું અમે વર્ણવ્યું. જે મુનિરાજ પ્રમાદ દશામાં રહે છે તેમને શુભક્રિયાઓનું અવલંબન લેવું જ પડે છે.

ટોડરમલ્લજી કહે છે કે ભગવાન સર્વજ્ઞદેવે વસ્તુની વ્યવસ્થા જે રીતે કહી છે તેવી જ અમે કહી છે. અમે કાંઈ કલ્પનાથી વસ્તુસ્થિતિ કહી નથી. છઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતાં મુનિને પ્રમત્ત દશામાં પંચમહાવ્રત આદિ ૨૮ મૂલગુણ પાલનનાં ભાવ આવ્યાં વગર રહેતા જ નથી. શુભરાગનો આશ્રય લેવો પડે છે તેનો અર્થ કે મુનિને ભૂમિકા અનુસાર શુભરાગ હોય જ છે.

जहां प्रमाद दसा नहि व्यापै।
तहां अवलंब आपनौ आपै॥
ता कारन प्रमाद उतपाती।
प्रगट मोख मारगकौ घाती॥३७॥

અર્થ :—જ્યાં શુભ-અશુભ પ્રવૃત્તિરૂપ પ્રમાદ નથી રહેતો ત્યાં પોતાને પોતાનું જ અવલંબન અર્થાત્ શુદ્ધોપયોગ હોય છે. તેથી સ્પષ્ટ છે કે પ્રમાદની ઉત્પત્તિ મોક્ષમાર્ગમાં બાધક છે.

જ્યાં અશુભભાવ તો નથી પણ શુભભાવ પણ નથી ત્યાં મુનિરાજને અંતરમાં

પોતાનું–આત્માનું અવલંબન છે. ત્યા મુનિને નિમિત્ત, વિકલ્પ કે ભગવાનનું પણ અવલંબન નથી. મરણ સમયે ભગવાનનું અવલંબન લે છે તે પણ વિકલ્પ છે–શુભરાગ છે. દેવલોકમાં દેવોને આયુ પૂરું થવાનું હોય ત્યાં ખ્યાલ આવી જાય છે તો સમકિતી દેવ ભગવાનની પ્રતિમા પાસે જઈને ચરણ ઉપર હાથ મૂકીને ધ્યાનમાં બેસે છે ત્યાં આયુષ્ય પૂરું થઈ જાય છે. એવા ભાવ પણ પર તરફના હોવાથી શુભરાગ છે. દેવલોકમાં મણિ-રતનના પ્રતિમા અને મંદિર હોય છે તેનું શરણ લેવું એ પણ રાગ છે એમ ભગવાન પોતે કહે છે. ભગવાન કહે છે કે મારું સ્મરણ કરીશ તોપણ તને રાગ થશે.

વીતરાગ સિવાય આવું કોણ કહે! બીજાં તો એમ કહે કે અમને યાદ કરો તો તમારી મુક્તિ થશે. અમારા સાધુને લાડવા આપો તો તમને વૈકુંઠમાં લાડવા મળશે....કાળા કેર છે ને!

ભૂમિકા પ્રમાણમાં શુભરાગ હોય પણ તે શરણ નથી. તેનાથી કલ્યાણ થશે એમ માને છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. શુભભાવ હોય છે પણ ખરેખર તેનું અવલંબન મુનિને નથી. **ता कारण प्रमाद उतपाती।** સમ્યગ્દર્શન સહિત અનુભવી જીવને અને ચારિત્ર સહિત મુનિને જે પ્રમાદની ઉત્પત્તિ થાય છે તે ઉતપાત છે. તે પ્રગટ મોક્ષમાર્ગનો ઘાત કરનાર છે. મહાવ્રતાદિ અઠ્ઠાવીસ મૂલગુણ પાલનનો વિકલ્પ આત્માની સ્થિરતાનો ઘાતક છે. આ ઊંચા દરજ્જાની વાત છે એમ નથી. આવો નિર્ણય તો પ્રથમ દરજ્જામાં જ કરવાનો છે. જેને નિર્ણયના ઠેકાણા નથી તેને સમકિત, વ્રત કે ચારિત્ર આદિ કાંઈ ન હોઈ શકે. ઘણા એવા હોય છે કે જે વિધિપૂર્વક બરાબર વ્રત, યાત્રાદિ કરવાથી કલ્યાણ થઈ જશે એમ માને છે. ભાઈ! એનાથી કલ્યાણ કદાપિ ન થાય. વિવિધ મહાવ્રત પાળવા તે પણ રાગ છે. તેમાં ધર્મ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિને રાગ તો આવે છે પણ તેને બંધનો માર્ગ માને છે. પ્રગટ મોક્ષમાર્ગનો ઘાતી છે એમ માને છે. દૃષ્ટિમાં મોટો ફેર છે.

**जे प्रमाद संजुगत गुसांई।**
**उठहिं गिरहिं गिंदुककी नांई॥**
**जे प्रमाद तजि उद्धत हौंहीं।**
**तिनकौं मोख निकट द्रिग सौंहीं॥३८॥**

અર્થ :—જે મુનિ પ્રમાદ સહિત હોય છે તેઓ દડાની પેઠે નીચેથી ઉપર ચડે છે અને પાછા નીચે પડે છે અને જે પ્રમાદ છોડીને સ્વરૂપમાં સાવધાન હોય છે, તેમની દૃષ્ટિમાં મોક્ષ બિલકુલ પાસે જ દેખાય છે.

પ્રથમ સમજણમાં તો લે કે માર્ગ કેવો છે! જેને સમજણનાં ઠેકાણાં નથી તેને સમ્યગ્દર્શન કે અનુભવ થાય નહિં. મૂળ વાંધો અનાદિથી એ છે કે જીવ પરની રુચિ અને પ્રેમમાંથી ખસતો જ નથી. અનાદિની આ દશા છે.

ગુસાઈ એટલે સાધુ. વિષ્ણુ લોકો સાધુને ગુંસાઈ કહે છે. પંચપરમેષ્ઠિમાં મળેલાં અને ભળેલાં સાધુ પણ જો પ્રમાદ સહિત છે તો દડાની જેમ આમથી તેમ વિકલ્પમાં અટકે છે. ઈર્યાસમિતિ સહિત હોવા છતાં શુદ્ધોપયોગની અપેક્ષાએ શુભરાગની ગતિ હલકી છે એમ બતાવે છે. રાગ છોડીને સ્વરૂપમાં સાવધાન થાય છે તેની ગતિ ઊંચી છે. તેને મોક્ષ નિકટમાં જ દેખાય છે. મોક્ષસ્વરૂપ છું એવો જ્યાં નિર્વિકલ્પ અનુભવ થયો અને નિર્વિકલ્પ ચારિત્ર થયું તેને મોક્ષ નજીક જ છે. અલ્પકાળમાં મારી મુક્તિ થશે એવું તેને ભાસે છે.

સંસારના સાધારણ ધંધામાં પણ એ એવો ગુંચવાયેલો હોય છે કે તેમાંથી નીકળી શકતો નથી. ક્યાં જવું છે તેનું તો ભાન પણ નથી. અહીં તો શુભભાવની ભૂમિકામાં રહેલાં મુનિને પણ દડા જેવી દશા કહી છે તો અજ્ઞાનીની તો વાત જ શી કરવી! શુભરાગનો પ્રમાદ પણ છોડી અપ્રમત્તદશામાં–આનંદમાં જાય છે તેને મુક્તિ નિકટ છે. શુદ્ધોપયોગી મુનિને અલ્પકાળમાં મુક્તિ છે.

વિશેષ :—સાધુદશામાં છઠ્ઠું ગુણસ્થાનક પ્રમત્તમુનિનું છે, તે છઠ્ઠામાંથી સાતમામાં અને સાતમામાંથી છઠ્ઠામાં અસંખ્યાતવાર ચડે–ઉતરે છે.

घटमें है प्रमाद जब तांई।
पराधीन प्रानी तब तांई॥
जब प्रमादकी प्रभुता नासै।
तब प्रधान अनुभौ परगासै॥३९॥

અર્થ :—જ્યાં સુધી હૃદયમાં પ્રમાદ રહે છે ત્યાં સુધી જીવ પરાધીન રહે છે અને જ્યારે પ્રમાદની શક્તિ નષ્ટ થઈ જાય છે ત્યારે શુદ્ધ અનુભવનો ઉદય થાય છે.

શુભભાવ એ પ્રમાદની પ્રભુતા છે, આત્માની પ્રભુતા નથી. જુઓ! શુભભાવ પણ પરાધીન છે. પરાધીન એટલે પર કરાવે છે એમ નહિં પણ પોતે પરને આધીન થાય છે. કર્મને લઈને પ્રમાદ થાય છે એમ નથી. પોતે પ્રમાદના કારણે પરને આધીન થઈ જાય છે. અપ્રમાદ છે તે સ્વાધીન છે. રાગને આધીન છે તે પરાધીન છે. ૪૭ નયમાં ઈશ્વરનયમાં આવે છે કે જીવ પોતાની મેળે પરાધીન થાય છે, પર તેને આધીન કરાવતું નથી. સ્વભાવની

અપ્રમત્તદશા છોડીને રાગમાં આવવું તે જ પરાધીનતા છે—વિભાવ છે.

૯૦ની સાલમાં સ્વાધીન-પરાધીનની ચર્ચા અમારે બહુ ચાલતી હતી. સામેવાળા કર્મને આધીન બધું થાય છે એમ માનતાં હતાં. કર્મ કાંઈ કરી શકતાં નથી, જીવ પોતે દ્રવ્યદૃષ્ટિએ સ્વાધીન હોવા છતાં પર્યાયદૃષ્ટિએ પોતે જ પોતાની મેળે જ પરાધીન થાય છે. અંશ ઉપર જેની દૃષ્ટિ છે તે પરાધીન છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્વાધીન છે. સ્યાદ્વાદ અધિકારમાં નવમાં પદ્યમાં આ વાત લીધી છે. પ્રવચનસારમાં ૪૭ નયમાં ૩૪મી નય ઈશ્વરનય છે. તેમાં દ્રષ્ટાંત આપીને સમજાવ્યું છે કે મુસાફરીમાં જતાં ધાવની દુકાને માણસ પોતાના બાળકને પોતે જ મૂકતો જાય છે. પોતે પોતાની મેળે પરાધીન થાય છે તેને કોઈ પરાધીન કરાવતું નથી. એવો જ જીવનો પર્યાયસ્વભાવ છે. અનીશ્વરનયે જીવ પોતે સ્વતંત્રતાને ભોગવનાર છે. દા.ત. હરણને સ્વછંદે ફાડી ખાનાર સિંહની માફક જીવ રાગ પણ સ્વતંત્રપણે કરે છે. આ બધું સમજવું પડશે.

घटमें है प्रमाद जब तांई....શુભભાવ આવે છે તે જ પરાધીન દશા છે. રાગને આધીન થયો છે. ભાષા જ એવી વાપરી છે કે જ્યાં સુધી હૃદયમાં પ્રમાદ રહે છે ત્યાં સુધી જીવ પરાધીન રહે છે, કર્મ એને પરાધીન કરાવે છે એમ નથી કહ્યું. કર્મની પર્યાય કર્મમાં છે અને જીવની પર્યાય જીવમાં છે

વ્યવહાર સમજણમાં જ જેને ફેર છે તેને તે સમ્યક્ થવાની યોગ્યતા પણ નથી.

જ્ઞાનીને-મુનિને જેટલાં અંશે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા છે એટલી તો સ્વાધીનતા છે જ પણ જેટલો રાગનો ભાગ છે એટલી પરાધીનતા હતી, તેનો પણ નાશ કરીને શુદ્ધઅનુભવદશા પ્રગટ થાય છે. શ્રીમદ્‌માં પણ આવે છે ને....ઉદય થાય ચારિત્રનો.... રાગની પરાધીનતા ટાળે અને સ્વભાવની સ્થિરતા પ્રગટ કરે—એ પોતાને આધીન છે. તેમાં જેટલો પ્રમાદ છે તે બંધમાર્ગ છે અને જેટલી સ્થિરતા છે તે મોક્ષમાર્ગ છે.

ખરેખર તો સમ્યક્‌જ્ઞાન થતાં સમકિતી રાગથી તો મુક્ત જ છે પણ અહીં ચારિત્રનો અધિકાર છે તેથી ચારિત્રમાં જેટલો પ્રમાદ છે તેટલી પરાધીનતા છે એમ સિદ્ધ કર્યું છે. ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠીમાં પણ બનારસીદાસજીએ "ચારિત્રગુણની સંકલેશ-વિશુદ્ધરૂપ ગતિ, સ્થિરતા–અસ્થિરતારૂપ શક્તિ અને મંદ-તીવ્રરૂપ જાતિ બધું પોતાને આધીન છે એ સ્પષ્ટ કર્યું છે. અહીં એ સિદ્ધ કર્યું છે કે પ્રમાદ છે ત્યાં સુધી પરાધીન છે અને જ્યારે પ્રમાદની પ્રભુતા નાશ થાય છે ત્યારે શુદ્ધ અનુભવનો ઉદય થાય છે. *(ક્રમશઃ)*

❀ ❀ ❀

# વિશાળ વૈભવોમાં પણ જ્ઞાનીને લજ્જા

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં-૧૩૨)

આ શ્રી પરમાત્મપ્રકાશ ગ્રંથ છે. બીજા અધિકારની ૮૮મી ગાથા છે.

પોતાના આત્મામાં અનંત અનંત જ્ઞાન, દર્શન આદિ અનંતગુણ ભરેલાં છે. આત્મા સત્ નામ શાશ્વત રહેવાવાળો સત્‌ચિદાનંદ છે. આત્મા પોતે જ પરમાત્મા છે એમ પ્રથમ પ્રતીતિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. તે જ પ્રથમ ધર્મ છે. આ વાત ૮૮ ગાથાના ભાવાર્થમાં કહે છે. હું જે શાંતિસ્વરૂપ નિર્દોષ મોક્ષદશા પ્રાપ્ત કરવા માગું છું તે બધી નિર્દોષતા મારાં આત્મામાં રહેલી છે. નિર્દોષતા-પવિત્રતા કાંઈ બહારથી આવતી નથી.

અનંતકાળે આ દુર્લભ મનુષ્યદેહ પ્રાપ્ત થયો છે. બીજાં બધાં અવતારો કરતાં મનુષ્યદેહ મહાદુર્લભ છે. તેમાં પણ પોતાના શુદ્ધ ચિદાનંદ આનંદકંદની દૃષ્ટિ થઈને વિશ્વાસ આવવો એ મહાદુર્લભ છે. હું જે કાંઈ શાંતિ આનંદ આદિ ચાહુ છું તે મારામાં જ છે. મારાથી એક પ્રદેશમાત્ર પણ દૂર નથી તેમ જ એક સમયમાત્ર પણ મારાં ગુણો મારાંથી દૂર થયા નથી. મારા ગુણોને અને મારે એક પ્રદેશનો કે એક સમયનો પણ ભેદ નથી. આવી પ્રતીતિ આવી ગયા પછી જ્ઞાનીને બીજી કોઈ ચીજોથી પોતાની મોટાઈ ભાસતી નથી. બીજાં કોઈ પરપદાર્થથી પોતાની મોટાઈ બતાવે તોપણ જ્ઞાનીને લજ્જા આવે છે. અરે! જે ચીજ અમારી નથી તેને અમારી કહીને મોટાઈ શું કામ આપો છો? સ્ત્રી, પુત્ર, પૈસા આદિ કોઈ અમારાં નથી માટે તેનાથી અમારી મોટાઈ નથી. અમે તો સત્ ચિદાનંદમય આત્મા છીએ.

આમ, જેને નિજ આત્માની દૃષ્ટિ થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિને અથવા સમ્યગ્દર્શન સહિત ત્યાગી–મુનિને હું જ કેવળજ્ઞાનનો કંદ છું એવું અંતરજ્ઞાન થયું છે અને અંતરમાં અતીન્દ્રિય આનંદની ઉર્મિઓ જાગી છે તે સમ્યક્‌ચારિત્ર છે. જેને નિજ આત્માનું ભાન નથી, નિજ શુદ્ધાત્માનું શ્રદ્ધાન નથી તે તો 'હું શરીર છું, શરીરની ક્રિયા મારી છે, દયા-દાન આદિ પરભાવ મારાં છે'–એમ માને છે તે પરદ્રવ્ય અને પરભાવથી પોતાનું હોવાપણું માનતા શરમાતા નથી. તેઓ એવું શ્રદ્ધાન કરતાં નથી કે હું તો દેહ દેવાલયમાં બિરાજમાન ભગવાન આત્મા છું. જેને નિર્મળ પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ છે એવો જ મારો આત્મા છે–એમ એ જાણતાં નથી અને એવા નિજ શુદ્ધાત્માનાં અનુભવ કરતાં નથી. એવા મૂઢાત્મા પુણ્યબંધના કારણ એવી જિનદીક્ષા,

દાન આદિ શુભાચરણ અને પુસ્તક આદિ ઉપકરણને મુક્તિના કારણ માને છે.

(મોટી હોસ્પિટલના ડૉક્ટર આવ્યા છે તેથી હિન્દીમાં લઈએ તો થોડું સમજાશે)

અહીં કહે છે કે આ આત્મા પોતે જ શિવ છે. શિવ એટલે નિરૂપદ્રવ કલ્યાણની મૂર્તિ તે શિવ છે. આ દેહ તો જડ છે, વાણી નીકળે છે તે પણ જડ છે, અંદરમાં જે કર્મ છે- જેને પ્રારબ્ધ કહેવાય છે તે પણ અજીવ છે. તેના નિમિત્તે પૈસા આદિ મળવાનું કારણ થાય છે તે બધું જડ છે. અંદરમાં જે હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના આદિ ભાવ થાય છે તે પાપભાવ છે અને વ્રત, જપ, ભક્તિ, તપ આદિના ભાવ થાય છે તે પુણ્યભાવ છે-તે બંનેથી આત્માનું સ્વરૂપ જુદું છે. આત્મા તો સત્ ચિદાનંદ પ્રભુ-શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ છે. આવો જેને વિશ્વાસ આવે છે તે દીક્ષા, મહાવ્રત આદિ ભાવોને પોતાના માનતા નથી. બીજાને પુસ્તક આદિનું દાન દેવું કે અભયદાન આપવું, વાંચન આપવું એ બધો શુભરાગ છે. તેને જ્ઞાની મુક્તિના કારણ માનતાં નથી. જ્યારે અજ્ઞાની આવા શુભરાગને જ મુક્તિના કારણ માનીને સેવે છે.

અંતરમાં શાંત...શાંત...શાંત...નિર્વિકારી આત્મતત્ત્વની શ્રદ્ધા નથી, તેનો જેને આશ્રય નથી એ જીવ જ પંચમહાવ્રતાદિ શુભરાગને અને શિષ્યો, ઉપકરણો આદિને મોક્ષના કારણ માને છે. જે પુણ્યબંધના કારણ છે તેને જ અજ્ઞાની મોક્ષના કારણ માને છે. અહીં મુનિની વાત લીધી છે એટલે શિષ્ય, પુસ્તક આદિને સાધન કહ્યાં છે. ગૃહસ્થોને સ્ત્રી, પુત્રાદિ છે તે લજ્જાંના કારણ છે તેને બદલે અમારે ઘેર રાજાની પુત્રી છે, આટલું ધન આદિ છે એમ કહેતાં શરમ પણ આવતી નથી-એમ આચાર્યદેવ ઓલંભો આપે છે. ધર્મીને તો સંયોગથી પોતાને લજ્જા આવે છે. જ્યારે અજ્ઞાની તેનાથી લજ્જા આવવાના બદલે રાજી થાય છે કે અમારી પત્ની, અમારી કન્યા, અમારાં પુત્ર બધાં ભણેલ-ગણેલ, અમારાં મકાન-દુકાન, અમારાં ગામ.....એ બધાંની એને મહિમાં લાગે છે. બીજાં એની મહિમાં કરે તેમાં પણ આ રાજી થાય છે, લજ્જિત થતાં નથી.

જુઓ! આ ૯૦૦ વર્ષ પહેલા થઈ ગયેલાં જંગલમાં રહેનારા નગ્ન દિગંબર મુનિ યોગીન્દ્રદેવ-જેની પાસે પીછી અને કમંડળ સિવાય કાંઈ ન હતું, આત્મધ્યાનમાં મસ્ત હતાં, અખંડાનંદ ભગવાનનો આનંદ લેતાં હતાં એવા મુનિને જરા શુભરાગ આવ્યો જેથી આ શાસ્ત્ર બની ગયું. તેમાં મુનિરાજ કહે છે કે તને તારાં શુદ્ધાત્માની મહિમાં નથી અને તું બીજી ચીજથી તારી અધિકતા માને છો! લક્ષ્મીથી અધિકતા માને છો! પરિવાર, આબરૂથી અધિકતા માને

છો!! ખરેખર જેનાથી તને લજ્જા આવવી જોઈએ તેનાથી તું અધિકતા માને છો માટે તને તારાં આત્માની શ્રદ્ધા જ નથી.

શ્રીમદ્જી કહે છે ને કે, ''લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?......'' ૧૬ વર્ષની ઉંમરે આવું લખે છે. ગૃહસ્થ હતાં, મોટા વેપારી હતાં પણ આત્મજ્ઞાન હતું. પૂર્વના સંસ્કાર હતાં, સાત વર્ષની ઉંમરે તો જાતિસ્મરણ થયું હતું. પછી ૧૬ વર્ષની ઉંમરે ૧૦૮ પાઠ બનાવ્યાં. જેમ માળામાં ૧૦૮ મણકા હોય છે તેમ શ્રીમદે ૧૦૮ પાઠની માળા બનાવીને તેનું નામ મોક્ષમાળા રાખ્યું. તેમાંથી આ એક પાઠમાં 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો.....'નું પદ રચ્યું છે. તેમાં કહે છે કે આવો દુર્લભ મનુષ્યદેહ મળ્યો તેમાં તે આત્માનું કામ ન કર્યું, જન્મ-મરણનો અભાવ ન કર્યો તો તે શું કર્યું? લક્ષ્મી અને પદવી આદિ વધવાથી તારામાં શું વધ્યું? કુટુંબ વધવાથી તારામાં શું વધ્યું? એમાં તો મનુષ્યદેહ તું હારી ગયો. 'એનો વિચાર નહિં અહો, એક પળ પણ તમને હવો?' અરે જીવ! તને એક પળ પણ એવો વિચાર ન આવ્યો કે શું લક્ષ્મીથી મારી અધિકતા છે? પરિવાર જે પર ચીજ છે તેનાથી મારી અધિકતા કેવી રીતે! લક્ષ્મી, કુટુંબ, આબરૂ આદિ બધી પરચીજ છે, તેનાથી મારી અધિકતા શી રીતે! શું એક પળ પણ આવો વિચાર તને ન આવ્યો? એમ શ્રીમદ્ ૧૬ વર્ષની ઉંમરે કહે છે. એ જ વાત અહીં આચાર્યદેવ કહે છે કે પોતાની આત્મવસ્તુની તો તને શ્રદ્ધા નથી અને પર ચીજથી તું પોતાની મોટાઈ માને છો તેમાં તને લજ્જા નથી આવતી?

જ્ઞાની શરીર, કર્મ, પુણ્ય-પાપનાં ભાવથી પોતાની મોટાઈ તો નથી માનતાં પણ પોતાને લજ્જા આવે છે. અહીં તો ત્યાં સુધી કહ્યું કે જિનદીક્ષા, શિષ્યોને ઉપદેશ, પુસ્તકનું લખવું-વાંચવું આદિ શુભરાગથી પણ મુનિને લજ્જા આવે છે. જ્યારે અજ્ઞાની શુભરાગથી પોતાને મોક્ષ થશે એમ માનીને વ્રત-તપાદિ પોતે કરે છે અને બીજાને આપે છે. અરે ભગવાન! વ્રતાદિના ભાવ તો શુભરાગ છે તેનાથી પુણ્ય બંધાય પણ ધર્મ ન થાય. ધર્મ તો શુભરાગથી ભિન્ન એવા આત્માનાં શ્રદ્ધા-જ્ઞાનથી થાય છે ત્યારે તેને બાહ્ય ચીજથી જ અને બાહ્યભાવોથી લજ્જા આવે છે.

જુઓ ને! શ્લોક કેવો આવી ગયો છે! જે પોતાની ચીજ નથી એનાથી લજ્જા આવવી જોઈએ તેના બદલે અધિકતા લાગે છે! આવા મિથ્યાદૃષ્ટિને નિજ શુદ્ધાત્માની શ્રદ્ધા જ નથી. કોરડા પડતાં હોય એવું લાગે તેવું છે પણ વિચારે તો ખબર પડે કે અરે! આ તો શરીર–રજકણનો પિંડ છે. જે અનાજ બહાર હતું તે દાળ-ભાત આદિરૂપે જઈને અંદર

ગોઠવાઈ ગયાં છે તે શું આત્મા છે? આ પુત્ર-પુત્રી આદિ થયા છે એ તો બીજેથી આવ્યાં છે અને બીજે ચાલ્યા જશે. તારાં થઈને રહેવાના નથી. કાર્યકર્તાઓ એમ માને કે અમે બહુ ડાહ્યાં છીએ ને સંસ્થાની વ્યવસ્થા બરાબર સંભાળીએ છીએ...અરે! તમને લજ્જા નથી આવતી? જ્ઞાનસ્વરૂપ આત્મા શું પરપદાર્થની વ્યવસ્થા કરી શકે? પરપદાર્થ તો સ્વતંત્ર ચીજ છે તેની અવસ્થાની વ્યવસ્થા તેનાથી થાય છે એમાં તમે શું કર્યુ? મુનિને કોઈ પાસેથી કાંઈ લેવું નથી તેથી જેમ છે તેમ કહે છે.

અહીં તો મુનિરાજ અન્ય મુનિને સંબોધન કરે છે, તેથી જિનદીક્ષાનો શુભરાગ કે જે વીતરાગમાર્ગનો વ્યવહાર છે તેનાથી પણ મુક્તિ નથી એમ કહે છે. અનેક પ્રકારના શુભાચરણ કરી લેવાથી મુક્તિ થતી નથી. મુનિનાં ઉપદેશથી બીજાં અનેક જીવો સમજી જાય તેથી કાંઈ મુનિની મુક્તિ થઈ જતી નથી. જે સમજે છે તે તો તેની યોગ્યતાથી સમજે છે. સમજાવવાનો ભાવ આવે છે તે તો શુભરાગ છે, તેનાથી શું મુક્તિ થાય!

જેને નિજપ્રભુનાં અનાકુળ શાંત-આનંદરસનો અનુભવ નથી, રુચિ નથી, પ્રતીત નથી, સ્વજ્ઞેયનું જ્ઞાનમાં ભાવભાસન થયું નથી, સ્વ તરફનું રટણ અને લીનતા નથી તેવા જીવો જ જિનદીક્ષા આદિ રાગને જ મુક્તિનું કારણ માનીને સેવે છે. ખરેખર તો દીક્ષા તો કોને કહેવાય! કે આત્માના આનંદસ્વરૂપમાં રમવું તે દીક્ષા છે. તેનું તો જ્ઞાન ન હોય અને વ્રત લઈ તપસ્યા કરી મુક્તિ થવાની આશા રાખે તે જૂઠી છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહરૂપ મહાવ્રતનો શુભરાગ છે તે પુણ્યબંધનું કારણ છે, તેને અજ્ઞાની મુનિ મુક્તિનું કારણ માને છે.

વિભાવની રુચિ છોડીને જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ કરવી તે સ્વઘરમાં આવવાનો ઉપાય છે. વિકાર તો પરઘર છે અને શરીર તો તદ્દન જુદું છે. શરીર તો કોઈ સાથે લઈને આવ્યું નથી અને સાથે લઈને કોઈ જઈ શકતું નથી. જીવ તો અવતાર બદલીને ક્યાંય બીજે ચાલ્યો જાય છે અને શરીરને તો સ્મશાનમાં લઈ જઈને બાળી દે છે. તેને નિજઘર કેમ કહેવાય?

વિષ્ણુંમાં થઈ ગયેલાં નરસિંહ મહેતા જેવા પણ એમ કહે છે કે 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહિં ત્યાં લગી સાધના સર્વ જૂઠી'. માળા જપો કે વ્રત લઈ લો પણ આત્મતત્ત્વને ઓળખ્યા વિના તે સર્વ ક્રિયા જૂઠી છે. અભવિ પણ મહાવ્રતાદિ ક્રિયા પાળે છે પણ તે માત્ર પુણ્યબંધનું કારણ છે. પુણ્યથી રહિત પવિત્ર ભગવાન આત્માની જ્યાં સુધી શ્રદ્ધા નથી, જ્ઞાન નથી ત્યાં સુધી મુક્તિમાર્ગની શરૂઆત પણ નથી. શુભાચરણ માત્ર પુણ્યબંધના કારણ છે. મુક્તિના કારણ નથી.

અજ્ઞાની મુનિ કોઈ પુસ્તક બનાવે, સંસ્કૃત શ્લોકોનાં અર્થ કરે, ટીકા બનાવે અને તેનાથી ધર્મ થયો માને તો કહે છે કે પુસ્તક બનવું એ તો જડની ક્રિયા છે અને તારો શુભભાવ હતો એ તો પુણ્યબંધનું કારણ હતું તેનાથી ધર્મ શી રીતે થાય? પુસ્તકમાં નામ લખાવે છે ને! અરે! આત્મા તો જ્ઞાનાનંદસ્વરૂપ ચૈતન્યજ્યોતિ છે તેને નામ કેવું! બીજાંથી જુદાં પાડવા માટે નામની સંજ્ઞા આપવામાં આવે છે, બાકી વસ્તુની અંદર કોઈ નામ-ઠામ નથી.

માણેકભાઈ! આ માણેક બહુ મોંઘા છે—દુર્લભ છે. તે શુભરાગથી તેની પ્રાપ્તિ નહિં થાય. શુભરાગની ક્રિયાઓ કરીને મુક્તિનું માણેક લેવા માંગે છે તે મૂઢાત્મા છે, તેને આત્માનો બોધ નથી. જેને આત્માનો બોધ છે એવા જ્ઞાની, મુનિ તો શુભરાગને સાક્ષાત્ પુણ્યબંધના કારણ જાણે છે. પરંપરા મુક્તિના કારણ કહેવાય છે તોપણ જ્ઞાની શુભરાગને નિશ્ચયથી મુક્તિનું કારણ માનતાં નથી. ટીકામાં જ શબ્દ છે કે निश्चयेन मुक्तिकारणं न मन्यते। વ્યવહારનયથી બાહ્યચારિત્રને અંતરના ચારિત્રનું નિમિત્ત કહેવામાં આવે છે. પણ તે મુક્તિનું કારણ નથી, પુણ્યબંધનું કારણ છે એમ ધર્મી માને છે.

નિશ્ચય એટલે યથાર્થ દૃષ્ટિથી આત્મા સ્વભાવે પવિત્ર છે. તે પવિત્રતામાં એકાગ્રતા થવી તે જ મુક્તિનું કારણ છે. વચ્ચે જે જિનદીક્ષા, મહાવ્રત, દાન આદિ ભાવ આવે છે તેને જ્ઞાની મુક્તિનાં કારણ માનતાં નથી. હજુ તો જે પાપની મજૂરીમાંથી બહાર નીકળતા નથી અને અમે દુકાન જમાવી છે, અમારાં ધંધા સારાં ચાલે છે....એવા અભિમાન કરે છે પણ એને ખબર નથી કે જડનાં કાર્યો તો જડથી થાય છે તેનું અભિમાન તું શા માટે કરે છે! એક સમયમાત્ર પણ પરદ્રવ્યના કાર્ય જીવથી થતાં નથી માટે 'અત્યાર સુધી તો અમે ઘણાં કામ કર્યા, હવે નથી થતાં...' એવા અભિમાન કરવા છોડી દે ભાઈ!

જેમાંથી ત્રિકાળ કેવળજ્ઞાન નીકળે એવા ભગવાન આત્માનો જેને વિશ્વાસ છે એવા ધર્મી વ્રત, જપ, તપ, જાત્રા આદિ શુભરાગને પુણ્યબંધનાં કારણ જાણે છે, મોક્ષનાં કારણ માનતાં નથી. તેને જ અજ્ઞાની મોક્ષનાં કારણ માને છે. તેથી જ અહીં તેને મૂઢાત્મા કહ્યાં છે. આ ૮૮ ગાથા થઈ.

હવે ૮૯ ગાથામાં સાધુની જ વાત કરે છે કે કમંડળ, પીંછી, પુસ્તક આદિ ઉપકરણ અને શિષ્યાદિનો સંઘ જ આવા મુનિઓને મોહ ઉત્પન્ન કરાવીને ખોટા માર્ગમાં ફેંકી દે છે.

चट्टहिं पट्टहिं कुंडयहिं चेल्ला–चेल्लियणहिं।
मोहु जणेविणु मुणिवरहँ उप्पहि पाडिय तेहिं॥८९॥

અર્થ :—પીંછી, કમંડળ, પુસ્તક અને મુનિ–શ્રાવકરૂપ ચેલા, અર્જિકા, શ્રાવિકા આદિ ચેલી—આ સંઘ મુનિઓને મોહ ઉત્પન્ન કરાવીને ઉન્માર્ગમાં ફેંકી દે છે.

જેમ, કુટુંબ-કબીલાનાં માણસોને મારાં મારાં કરીને જગતના પ્રાણી મોહથી નરકાદિમાં ચાલ્યાં જાય છે તેમ, સાધુ થયા પછી પણ પીછી, કમંડળ આદિ અને ચેલા-ચેલી આદિમાં મારાપણું કરી કરીને મુનિ પોતાને સંસારમાં ફેંકી દે છે. જેને પોતાના શુદ્ધસ્વરૂપનું ભાન નથી તેને પરપદાર્થ મોહ ઉત્પન્ન કરાવ્યા વગર રહેતાં નથી. અમારે તો કરોડપતિ અને અબજોપતિ શિષ્યો છે–એમ કરીને અભિમાન કરે છે તે પણ મોહ છે. મોહ કોઈ પરદ્રવ્ય ઉત્પન્ન કરાવી દેતું નથી પણ આ જીવ પોતે તેનાં મોહમાં રોકાય છે ત્યારે તે પરદ્રવ્યને મોહનાં નિમિત્ત કહેવાય છે.

જેને પોતાના શુદ્ધસ્વરૂપનો વિશ્વાસ અને જ્ઞાન નથી તેને પર પ્રત્યે મોહ થયા વિના રહેતો નથી. ઘર-બાર છોડ્યા હોય તો મુનિને ચેલા-ચેલીમાં અને પીછી, પુસ્તક આદિમાં મોહ થાય છે. આ મારા છે, મને તેનાથી લાભ છે, મારાંથી આ બધાને લાભ છે એવી ભ્રમણા થાય છે. પણ એ કોઈ ક્યાં તારાં છે! જે તારાં હોય તે તારાથી જુદાં ન હોય. અને જે જુદાં હોય તે તારાં થતાં નથી.

અહો! મારો સ્વભાવ તો જ્ઞાનાનંદથી ભરપૂર છે. કિંમતી ચીજ તો હું જ છું. મારી પાસે બીજી કોઈ ચીજ કિંમતી નથી–હું પોતે જ કીંમતી છું–એમ જેણે પોતાના સ્વરૂપની સમ્યગ્દર્શનરત્ન વડે કિંમત ન કરી તેવા અજ્ઞાની જીવોને ઘરના માણસો મોહ ઉત્પન્ન કરાવે છે. એમ, અહીં મુનિઓની વાત કરી છે કે અરે! સાધુ થઈને પણ તને તારાં નિધાનની દૃષ્ટિ નહિં અને શિષ્યાદિને મારાં...મારાં...કરીને તારે ક્યાં જવું છે? મોહ તો જીવને નરક-નિગોદમાં લઈ જાય છે.

ગૃહસ્થોને એવું હોય છે કે ૮-૧૦ સંતાન હોય તો તેનો મોહ ૮-૧૦ વચ્ચે વહેંચાઈ જાય છે અને એક જ સંતાન હોય તો બધો મોહ એક ઉપર જ રહે છે. પોતાના સ્વરૂપનું ભાન નથી એટલે બધું મારાપણું એક ઉપર નાંખી દે છે. તેમ મુનિને પણ જો આત્માનું જ્ઞાન નથી તો પીંછી, કમંડલ કે પુસ્તક જેવી નાની નાની ચીજોમાં મોહ થઈ જાય છે. ત્યારે તે ચીજોએ મોહ કરાવ્યો એમ કહેવાય છે, બાકી પરદ્રવ્ય જીવને મોહ ઉત્પન્ન કરાવી શકતું નથી. શુદ્ધ જ્ઞાયકમૂર્તિનો વિશ્વાસ નથી તેથી તેને બીજી ચીજ મોહમાં નિમિત્ત થાય છે.

તેથી જ રત્નકરંડ શ્રાવકાચારમાં કહ્યું છે કે જો ગૃહસ્થ પોતાને દેહ, વાણી, મન

અને પુણ્ય-પાપથી ભિન્ન અનુભવે છે તો ગૃહસ્થ પણ મોક્ષમાર્ગી છે અને બાહ્યથી મુનિ હોય પણ સ્વરૂપનાં શ્રદ્ધા-જ્ઞાન ન હોય અને પરમાં મોહ હોય તો તે અણગાર હોવા છતાં સંસારમાર્ગી છે. ધર્મી ગૃહસ્થ ગૃહસ્થાશ્રમમાં પણ નાળિયેરની જેમ છૂટાં રહે છે. જેમ ઉપરના છાલા, કાચલી અને રાતડથી સફેદ ટોપરૂ જુદું છે તેમ, છાલા સમાન શરીર, કાચલી સમાન આઠ કર્મ અને રાતડ સમાન શુભાશુભ વિકલ્પથી ચૈતન્યગોળો જ્ઞાનાનંદનો કંદ જુદો છે, મીઠો છે. તેનુ જેને ભાન છે તે ગૃહસ્થાશ્રમમાં પણ મોક્ષમાર્ગી છે.

ભાવાર્થ :–હવે યોગીન્દ્રદેવકૃત ગાથાનાં ટીકાકાર અજીર્ણનું દ્રષ્ટાંત આપે છે. જેમ કોઈ અજીર્ણના ભયથી મનોજ્ઞ આહારને છોડીને લાંઘણ કરે છે. વળી અજીર્ણ દૂર કરવાવાળી કોઈ મીઠી ઔષધિને લઈને જીભનો લંપટી થઈ, માત્રાથી અધિક ઔષધિ લઈને ઔષધિનું અજીર્ણ કરે છે. તેમ, અજ્ઞાની દ્રવ્યલિંગી–યતિ વિનયવાન પતિવ્રતા સ્ત્રી આદિને મોહ થવાનાં ભયથી છોડી જિનદીક્ષા લે છે અને મોહ દૂર કરવા માટે વૈરાગ્ય ધારણ કરીને ઔષધિ સમાન જે ઉપકરણ આદિ–તેને જ ગ્રહણ કરી તેના અનુરાગી થાય છે–તેની વૃદ્ધિથી સુખ માને છે તેણે તો ઔષધિનું જ અજીર્ણ કર્યું છે.

ઉપકરણ તો મુનિને નિમિત્ત માત્ર હોય છે પણ તેને જ મોહનું કારણ બનાવીને અજ્ઞાની મુનિ મોહની જાળમાં ફસાઈ જાય છે. પોતાના આનંદસ્વરૂપની તો પ્રતીતિ નથી તેથી પુસ્તક જેવા ઉપકરણને મોહનું સાધન બનાવે છે. અમે આ પુસ્તક બનાવ્યા છે તમે લ્યો...તમે લ્યો... અંદરમાં આત્મજ્ઞાન તો થયું નથી અને બાહ્યમાં મુનિવેષ લઈ લીધો છે તેથી વેષના બહાને પીંછી, પુસ્તક આદિ ઉપકરણને ગ્રહણ કરીને પ્રેમ કરે છે અને તેની વૃદ્ધિથી પોતાને સુખ માને છે. તો આ તો રોગનો નાશ થવાને બદલે મોહરૂપી રોગની વૃદ્ધિ થઈ. માટે કહે છે કે માત્રાથી અધિક ઔષધિ લેવાથી રોગ મટતો નથી પણ વધી જાય છે. આ નિઃસંદેહ સમજવું.

આથી, નિશ્ચય થયો કે જે પરમ ઉપેક્ષા સંયમ અર્થાત્ નિર્વિકલ્પ-પરમસમાધિરૂપ ત્રણ ગુપ્તિમયી પરમ શુદ્ધોપયોગરૂપ સંયમના ધારક છે તેને શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત બધો જ પરિગ્રહ ત્યાગવા યોગ્ય છે. તેમને તો વિકલ્પ ઉઠે છે તે પણ છોડવાલાયક છે. સ્વરૂપની દૃષ્ટિ છે, સ્વરૂપનું જ્ઞાન છે અને સ્વરૂપમાં સ્થિરતા પણ અમુક પ્રકારની છે પણ ધ્યાનમાં લીન થઈ શકતાં નથી ત્યાં સુધી શુભ પરિણામ આવે છે. મુનિના ભાવસંયમની રક્ષામાં નિમિત્ત હીનસંહનન હોવાથી, ઉત્કૃષ્ટ શક્તિનાં અભાવથી તપનાં સાધનરૂપ શરીરની રક્ષા માટે અન્ન-જળનું ગ્રહણ હોય છે પણ તેમાં મમત્વ હોતું નથી. શરીરનાં નિર્વાહ માટે અન્ન-જળ

ગ્રહણ કરે છે તો મલ-મૂત્રાદિની બાધા પણ થાય છે તે માટે કમંડળ, સંયમની રક્ષા માટે પીંછી અને જ્ઞાનના ઉપકરણરૂપ પુસ્તક ત્રણેયનું ગ્રહણ કરે છે પણ તેનું મમત્વ થતું નથી. મારું મુખ્ય કર્તવ્ય તો એકમાત્ર મારાં સ્વરૂપનાં અતીન્દ્રિય આનંદનાં સ્વાદમાં રહેવું તે છે પણ તેમાં જ્યારે રહી ન શકાય ત્યારે અન્ન-જલાદિનો વિકલ્પ આવે છે તેને મુનિ બંધનાં કારણ જાણે છે, મુક્તિનાં કારણ માનતાં નથી.

પ્રયોજનમાત્ર પ્રથમ અવસ્થામાં મુનિને આવા વિકલ્પ હોય છે. આ વાત બીજી જગ્યાએ 'रम्येषु' ઇત્યાદિથી કહી છે કે મનોજ્ઞ સ્ત્રી આદિક વસ્તુઓમાં જેણે મોહ તોડી નાંખ્યો છે એવા મહામુનિ સંયમના સાધન પુસ્તક, પીંછી, કમંડળ આદિ ઉપકરણોમાં વૃથા મોહ કેમ કરી શકે? ન જ કરે. જેમ કોઈ બુદ્ધિમાન પુરુષ રોગના ભયથી અજીર્ણને દૂર કરવા માગે અને અજીર્ણ દૂર કરવા માટે ઔષધિનું સેવન કરે તો શું તે માત્રાથી અધિક ઔષધિ લે! ન જ લે. માત્રા પ્રમાણ જ લે. રોગીને ભસ્મની દવા આપે છે ને! તો એ રતિભાર જ લેવાની હોય. વધારે ન લેવાય. તેમ ધર્મીને દર્શન-જ્ઞાન-ચારિત્ર હોવા છતાં જ્યારે સ્વરૂપમાં ઠરી ન શકાય ત્યારે અન્ન-જળ, પુસ્તકનું વાંચન-લેખન આદિ શુભવિકલ્પ આવે છે પણ તેમાં મમત્વ થતું નથી.

ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહિં તે સ્થિરતાનો અંત જો...
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો...

ધર્માત્માની દૃષ્ટિ સ્વરૂપમાં સ્થિર થઈ છે અને ભાવનામાં એ છે કે અમારે આહાર સરસ હો કે નીરસ હો, ઉપસર્ગ હો કે પરિષહ હો પણ અમારામાં વિષમતા ન આવે, સમતા બની રહે આવી દૃષ્ટિ અને ભાવના છે તો સમતાભાવમાં રહે છે અને તેની મુક્તિ થાય છે. જો બાહ્યક્રિયામાં વિશેષતા માની લે છે તો તે મૂઢાત્મા-બહિરાત્મા થઈ જાય છે. માટે ધર્માત્માએ સ્વરૂપની દૃષ્ટિ થઈ છે તો તેની શુદ્ધિની વૃદ્ધિ કરવી, બાહ્ય સાધનની મમતા ન કરવી. *(ક્રમશઃ)*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :—પહેલાં શ્રદ્ધામાં આ વાત બેસાડતા જવી જોઈએ ?*

સમાધાન :–પહેલાં બુદ્ધિપૂર્વક શ્રદ્ધામાં બેસાડે કે હું આ ચૈતન્ય છું, હું આ જાણનારો જ્ઞાયક છું. હું જાણનારું એક તત્ત્વ છું. જગતનાં આ બધાં તત્ત્વો છે તેમાં હું શાશ્વત શુદ્ધાત્મતત્ત્વ છું. મારામાં કોઈ કલંક નથી, મેલ નથી એવો હું શુદ્ધાત્મા છું. અનંતકાળ ગયો તો પણ હું સ્ફટિકરત્ન જેવો નિર્મળ છું. પછી દૃષ્ટિ પોતાના તત્ત્વને ઓળખીને જામી જાય, તો નિર્વિકલ્પતા પ્રગટ થાય. સ્ફટિકમાં જેમ લાલ-પીળા રંગો દેખાય તે બધા ઉપર ઉપરના છે, તેમ મારામાં બધા વિભાવો થાય તે મૂળ સ્વભાવમાં નથી. હું સ્ફટિક જેવો નિર્મળ છું.

પાણીમાં જે મલિનતા હોય તે, નિર્મળી ઔષધિથી દૂર થાય છે તેમ જ્ઞાનરૂપી સમ્યક્ ઔષધિથી રાગાદિ મલિનતા દૂર થાય છે. આ તો દૃષ્ટાંત આપ્યું, તેમ પોતાને જુદો પાડવા પ્રયત્ન કરે, તેના માટે ચિંતવન કરે, શાસ્ત્ર-સ્વાધ્યાય કરે, શુભભાવ અનેક જાતના આવે છે, પણ સ્વભાવ જાણવાનું વિશેષ નિમિત્ત સ્વાધ્યાય અને ચિંતવન છે. ઝાઝીવાર ચિંતવન અને શાસ્ત્ર-સ્વાધ્યાય થાય નહિ તેથી જિનેન્દ્રદેવની મહિમા પોતાને આવે અને તેમાં પણ રોકાય, પરંતુ તેની સાથે સાચું જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાનપૂર્વક મહિમા હોવી જોઈએ.

*પ્રશ્ન :—જીવનના કર્તવ્ય સંબંધી થોડું ફરમાવવા કૃપા કરશોજી.*

સમાધાન :—આત્મા આનંદનો સાગર છે તેને ગ્રહણ કરવાથી આનંદનો સાગર પ્રગટે છે. તેને ગ્રહણ કરવા માટે નિરંતર–ક્ષણે ક્ષણે અભ્યાસ કરે, તો અંતરમાંથી આનંદનો સાગર પ્રગટે. તે કાંઈ દૂર નથી–ક્યાંય ગોતવા જવું પડે તેમ નથી પોતાની પાસે જ છે. બધા ઉપરથી દૃષ્ટિ પાછી ખેંચીને પોતામાં દૃષ્ટિ કરે તો પ્રગટે. આ બાહ્ય દૃષ્ટિ ઉઠાવીને અર્થાત્ સ્થૂલ પદાર્થો ઉપરથી, શુભભાવો ઉપરથી ને ક્ષણિક ભાવો ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને અંતરમાં આનંદનો સાગર આખો છે તે સાગરમાં, કે જેમાં અનંતગુણ–રત્નાકર ભર્યા છે તેમાં, જાય તો આનંદનો સાગર પ્રગટે એવું છે. તે કરવાનું છે. પોતાના પુરુષાર્થની ખામીને લઈને પોતે અટકે છે, માટે નિરંતર દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખીને નિરંતર તેનો જ એક અભ્યાસ જીવનમાં હો, બીજું કાંઈ ન હો, એવી ભાવના રાખવી. એક જ્ઞાયકનો અભ્યાસ અને દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા તે જીવનનું કર્તવ્ય છે.

*પ્રશ્ન :—કાર્ય કેમ નથી આવતું ?*

સમાધાન :—કારણ આપે એટલું કાર્ય આવે. કારણની કચાશે કાર્યની કચાશ છે. પૂરું કારણ ન અપાય ત્યાં સુધી કાર્ય આવતું નથી. કારણ ન અપાય ત્યાં સુધી તેની ભાવના કરવી, ભેદજ્ઞાનની ધારાનો અભ્યાસ કરવો, નિર્વિકલ્પ આત્મા છે, તેની દૃષ્ટિ (રુચિ) કરવી, કારણ પૂરું ન અપાય ત્યાં સુધી કાર્ય ન આવે, એવો સિદ્ધાન્ત છે. ન થાય તો સમજવું કે કારણ ઓછું છે, માટે કાર્ય નથી આવતું. તેથી કારણની તીવ્રતા કરવી, તેનો અભ્યાસ ક્ષણે ક્ષણે કરવો તે જ કરવાનું છે.

મુમુક્ષુ :—ક્ષણે ક્ષણે અભ્યાસ થતો નથી.

બહેનશ્રી :—પણ તે થાય ક્યાંથી ? વિભાવનો અભ્યાસ સહજ થઈ ગયો છે, ક્ષણે ક્ષણે વિભાવની સ્મૃતિ આવે છે, એટલે અહીં કારણ ઓછું છે તો કાર્ય ક્યાંથી આવે ? બાકી તો પોતે જ છે, કાંઈ બીજો નથી ને બહાર લેવા જવાનું નથી. અંદરમાં પોતે જતો નથી, પોતાના ઉપર દૃષ્ટિ કરતો નથી. માત્ર વિચાર કરે, ભાવના કરે અને પાછું છૂટી જાય. કારણ આપતો નથી માટે કાર્ય આવતું નથી. કારણ પૂરું આપે તો કાર્ય જલદી આવે, કારણ ઓછું આપે છે એટલે વાર લાગે છે. જેટલી વાર લાગે છે તે કારણની કચાશ છે.

*પ્રશ્ન :—અનુભવજ્ઞાનથી નિવેડો છે. તો કોઈને અનુભવ થયો હોય અને તેણે શાસ્ત્ર ન જાણ્યાં હોય તો પણ ચાલે ?*

સમાધાન :—અનુભવ જ્ઞાનમાં શાસ્ત્ર આવી જાય છે. શાસ્ત્રનું જે રહસ્ય છે તે અનુભૂતિમાં આવી જાય છે. છતાં વચ્ચે શાસ્ત્ર જાણ્યાં હોય તો નુકસાનભૂત નથી. તેને કદાચ શાસ્ત્રના વિશેષ શબ્દો ન આવડતા હોય, તો પણ તેમાં શાસ્ત્રનું રહસ્ય આવી જાય છે. શાસ્ત્રમાં કહે છે કે દ્રવ્યદૃષ્ટિ કર, ભેદજ્ઞાન કર, ને અનુભૂતિ કર. તો અનુભૂતિ જેને થઈ ગઈ તેને જાણવાનું રહસ્ય તેમાં આવી ગયું, કારણ કે તેને ભેદજ્ઞાન દ્વારા–દ્રવ્યદૃષ્ટિ દ્વારા જ અનુભૂતિ થાય છે. શાસ્ત્ર જાણવાનું પ્રયોજન પણ તેમાં આવી જાય છે. ભગવાનની દિવ્યધ્વનિમાં મુક્તિમાર્ગ આવે છે, તો પોતાની અનુભૂતિ થઈ તેમાં બધું આવી જાય છે. જ્ઞાયક સ્વભાવને ઓળખવાથી અનુભૂતિ થતાં શાસ્ત્રોનું રહસ્ય તેમાં આવી જાય છે. યુક્તિ, આગમ, અનુભવ—બધું ભેગું તેમાં આવી જાય છે. શિવભૂતિ મુનિ કાંઈ જાણતા ન હતા. ગુરુએ કહ્યું 'તુપમાસ ભિન્ન' તે પણ ભૂલી ગયા. ત્યાં કોઈ બાઈ દાળ-ફોતરાં જુદાં કરતી હતી તેમાંથી ભેદજ્ઞાનનો આશય ગ્રહણ કરી લીધો ને અંદર જ્ઞાયકમાં ચડી ગયા તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થયું. તેમણે અર્થ ગ્રહણ કરી લીધો, ગુરુએ કહ્યું તેનું રહસ્ય ગ્રહણ કરી લીધું તેમાં શાસ્ત્ર આવી ગયાં.

*પ્રશ્ન :—જ્ઞાયક જ્ઞાનથી ગ્રહણ થાય-પકડાય એ શું બરાબર છે ?*

સમાધાન :—પોતે પોતાને જાણતો નથી એટલે અસાધારણ ગુણથી ગુણી પકડાય છે એમ કહેવાય છે, પણ ગુણથી ગુણી પકડાય તે પણ ભેદ છે. ગુણીને પોતે સીધો પકડવો જોઈએ. જે અનાદિથી અજાણ્યો છે તે ગુણી ગુણના ભેદથી પકડાય તેમ કહેવાય છે, પરંતુ વિશેષ ગુણ નથી પકડવો, પકડવો છે ગુણીને, દ્રવ્યને પકડવાનું છે તેમાં વચ્ચે ગુણ-લક્ષણ આવે છે.

*પ્રશ્ન :—આત્મા આખો અરૂપી એક ઘન પદાર્થ છે એવું શું ખ્યાલમાં આવે ?*

સમાધાન :—આત્મા અરૂપી હોવા છતાં એક વસ્તુ છે કે જેમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ નથી. ઘન એટલે દ્રવ્યરૂપે આખો ઘન છે, છતાં તેમાં અનંત ગુણો અને અનંત પર્યાય છે. ઘન એટલે કાંઈ ગુણો કે પર્યાયો નથી એવી જાતનો તે નથી. ઘન કહેતાં તે અનંત ગુણથી ભરેલો અભેદ છે, તેમાં કોઈ જાતના ભેદ નથી. આ બધું સ્વાનુભૂતિ થતાં તેને વેદનમાં આવે છે, તેનો ઘનરૂપે અભેદ ભાવ અને ગુણ-પર્યાયના ભેદો વગેરે બધું તેના જ્ઞાનમાં આવી જાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ થતાં અભેદ અને ભેદ બધું જાણવામાં આવી જાય છે. પહેલાં લક્ષણથી ઓળખે, પછી લક્ષણથી શ્રદ્ધા કરે અને સ્વાનુભૂતિ થતાં વેદનમાં બધું આવી જાય છે. નિર્વિકલ્પદશા થતાં વેદનમાં બધું આવી જાય છે કે આ ચૈતન્ય પદાર્થ કેવો છે.

*પ્રશ્ન :—વિશેષનો ખ્યાલ આવે છે પણ સામાન્યનો ખ્યાલ આવતો નથી. હંમેશાં વિશેષ ઉપરથી એમ થાય કે આવું સામાન્ય હોવું જોઈએ ? તો શું તે બરાબર છે ?*

સમાધાન :—સામાન્યનો ખ્યાલ આવે અને વિશેષનો પણ ખ્યાલ આવે. સામાન્ય-વિશેષ પોતે વસ્તુ જ છે. તેથી બંનેનો ખ્યાલ આવે છે. વિશેષ અનુભવમાં આવે છે, પણ તેથી સામાન્યનું જ્ઞાન નથી થતું એવું નથી. સામાન્ય-વિશેષ બંને ખ્યાલમાં આવે છે.

વિશેષ ઉપરથી સામાન્ય ખ્યાલમાં આવે એટલે સામાન્ય ખ્યાલમાં જ નથી આવતું એવું નથી. પોતે નથી જાણતો એટલે પહેલાં વિશેષ ઉપરથી ગુણ-ગુણીના ભેદ પાડી સમજાવવામાં આવે છે, પણ જ્યાં વિકલ્પ છૂટી જાય છે અને પોતે પોતાને જાણે છે તેમાં સામાન્ય-વિશેષ બંને ખ્યાલમાં આવી જાય છે. તેમાં કાંઈ તેને વિશેષ પહેલાં ખ્યાલમાં આવે અને સામાન્ય પછી ખ્યાલમાં આવે એવું રહેતું નથી; ઊલટું સામાન્ય તેને મુખ્ય થઈ જાય છે. સામાન્ય ઉપર દૃષ્ટિ થતાં તે મુખ્ય થઈ જાય છે અને જ્ઞાન ઉપયોગાત્મક થઈને પોતે પોતાના સામાન્યને અને વિશેષને-બંનેને જાણે છે.

*પ્રશ્ન :—વર્ણગુણ દેખાય નહિ, પણ તેની કાળી-પીળી પર્યાય ઉપરથી તેનો ખ્યાલ આવે. તેમ શું પર્યાય કે ગુણભેદ ઉપરથી દ્રવ્યસ્વભાવનો ખ્યાલ આવતો હશે ?*

સમાધાન :—જે નથી જાણતો તેને પર્યાયથી સામાન્યનો ખ્યાલ કરાવવામાં આવે છે, પણ તેથી સામાન્ય સીધું ખ્યાલમાં ન આવે એવું નથી, સામાન્ય સામાન્યથી ખ્યાલમાં આવે છે. જેમ વર્ણથી પુદ્‌ગલ જણાય છે તેમ વિશેષના જ્ઞાનથી આત્માનો ખ્યાલ કરાવતાં તે સીધો ન જણાય એવું નથી. પહેલાં તેને અનુમાન-જ્ઞાન હોય છે એટલે વિશેષથી સામાન્યનો ખ્યાલ કરાવાય; પણ જ્યાં સામાન્ય ઉપર દૃષ્ટિ ગઈ તો સામાન્ય સામાન્યથી જણાય છે, પોતે પોતાના અસ્તિત્વથી જણાય છે. સામાન્ય સ્વરૂપ પોતે પોતામાં અસ્તિરૂપ છે, કાંઈ નાસ્તિરૂપ નથી; તેથી પોતે પોતાના અસ્તિત્વથી અભેદરૂપે જણાય છે પોતે ચૈતન્ય છે, માટે પોતે પોતાના સામાન્ય સ્વરૂપને જાણે છે. વિશેષથી સામાન્યને જાણતાં લક્ષણ-લક્ષ્યનો ભેદ પડે છે; પણ જ્ઞાની સામાન્ય સ્વરૂપને પોતે પોતાથી જાણે છે કે આ હું છું. આ હું ચૈતન્ય છું, એમ પોતે ગુણના ભેદ પાડ્યા વગર અભેદ સ્વરૂપે શ્રદ્ધા કરે છે અને જ્ઞાનમાં જાણે છે. જેમ પ્રત્યક્ષ કેવળજ્ઞાન થાય તે સીધું સામાન્યને જાણે છે તેમ સમ્યગ્દૃષ્ટિ પણ સામાન્યને પોતે પોતાના અનુભવમાં જાણે છે, અસ્તિસ્વરૂપ હું છું એમ જાણે છે. સામાન્ય ન જણાય એમ નથી, પોતાના અસ્તિત્વથી પોતાને જણાય છે.

*પ્રશ્ન :—વિચાર અને ધ્યાનમાં શું ફેર ?*

સમાધાન :—આત્માના વિચાર છે તે જ્ઞાનની પર્યાય છે. દ્રવ્ય કેવું છે ? ગુણો કેવા છે ? તેમ વિચારમાં અનેક ભેદ પડે છે—અને ધ્યાન એટલે એકાગ્રતા, આત્મામાં એકાગ્ર થવું તે. એક અગ્ર આત્માને લક્ષમાં લઈને–મૂળ વસ્તુને ગ્રહણ કરીને—તેમાં એકાગ્રતા કરવી તેનું નામ ધ્યાન છે.

વિચારમાં તો અનેક પ્રકારના ભેદ પડે છે. ગુણભેદ, પર્યાયભેદ વગેરે બધાના વિચાર આવે; પણ ધ્યાનમાં તો આત્માને લક્ષમાં લઈને પરથી ને વિભાવથી જુદો તથા ક્ષણિક પર્યાય જેટલો પણ હું નથી એમ ભેદજ્ઞાન કરી, બસ, એક ચૈતન્યમાં લીનતા–એકાગ્રતા કરે છે. ભેદજ્ઞાન કરી તેમાં એકાગ્રતા કરવી તે ધ્યાનનું લક્ષણ છે.

[ તા. ૧૦-૧૧-૨૦૦૫ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

## ✻ મહાવીર-નિર્વાણ-મહોત્સવ ✻

શ્રી મહાવીર-નિર્વાણનો પંચાહ્નિક-વાર્ષિક મંગલ ઉત્સવ (દીપાવલીનો મંગલ અવસર) તા. ૨૮-૧૦-૨૦૦૫, શુક્રવારથી તા. ૧-૧૧-૨૦૦૫, મંગળવાર-પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર-પંચ-કલ્યાણક-મંડલવિધાનપૂજા' તથા અધ્યાત્મજ્ઞાનોપાસનાપૂર્વક સાનંદોલ્લાસ 'શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિર'માં ઊજવવામાં આવ્યો અને નૂતનવર્ષનો 'સુપ્રભાતદિન' તા. ૨-૧૧-૨૦૦૫, બુધવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા પૂજ્ય ગુરુદેશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવ્યો. આ મંગળ અવસરના લાભ હેતુ બહારગામથી અનેક મુમુક્ષુ આવ્યા હતા. પૂજાના તથા પ્રવચનના સમયે સ્થાન પૂરું ભરાઈ જતું હતું. મુમુક્ષુઓની આટલી વિશાળ ઊપસ્થિતિથી પ્રતીત થતું હતું કે પૂજ્ય કહાનગુરુની સાધનાભૂમિ સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી પ્રતિ મુમુક્ષુઓને ઘણી શ્રદ્ધા તથા ભક્તિ છે.

★ **કાર્તિકી-નંદીશ્વર-અષ્ટાહ્નિકા** :—કારતક સુદ ૭, મંગળવાર, તા. ૮-૧૧-૨૦૦૫ થી કારતક સુદ ૧૫, મંગળવાર, તા. ૧૫-૧૧-૨૦૦૫—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવી.

★ **વિશેષ ધાર્મિક કાર્યક્રમ** :—આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પચ્ચીસમા વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ તા. ૧૯-૧૧-૨૦૦૫, શનિવારથી તા. ૨૩-૧૧-૨૦૦૫, બુધવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો અવસર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

## ✻ રાજકોટમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ ✻

જિનેન્દ્ર-અધ્યાત્મમાર્ગપ્રકાશક પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારપ્રતાપથી તથા ઊંડા આદર્શ આત્માર્થી આદરણીય પૂજ્ય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહની મંગલ આશિષથી સૌરાષ્ટ્રપ્રદેશની પ્રમુખનગરી રાજકોટમાં શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન યુવકમંડળ દ્વારા નવનિર્માપિત શ્રી આદિનાથ દિગંબર જિનમંદિર તથા તદંતર્ગત નંદિશ્વર-બાવન જિનાલયના વીતરાગભાવવાહી દિગંબર જિનબિંબોની પંચકલ્યાણકપ્રતિષ્ઠાનું મંગલ આયોજન વિ. સં. ૨૦૬૨, પોષ વદ ૧૩, શુક્રવાર તા. ૨૭-૧-૨૦૦૬ થી મહાસુદ ૬, શુક્રવાર, તા. ૩-૨-૨૦૦૬—આઠ દિવસનું નિશ્ચિત કર્યું છે.

## * ધાર્મિક કાર્યક્રમ *

ભગવાન મહાવીર-કુંદકુંદ-અધ્યાત્મમાર્ગોદ્યોતક આપણા પરમ-તારણહાર પરમોપકારી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સમાધિનો પચ્ચીસમો વાર્ષિક દિન વિ. સં. ૨૦૬૨, માગશર વદ ૭, બુધવાર, તા. ૨૩-૧૧-૨૦૦૫ ના રોજ છે. ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના દુ:ખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૧૯-૧૧-૨૦૦૫, શનિવારથી તા. ૨૩-૧૧-૨૦૦૫, બુધવાર(માગસર વદ ૭)—પાંચ દિવસ સુધી અધ્યાત્મ-જ્ઞાન-વૈરાગ્યાત્મકત્યુપાસનાપ્રધાન 'ધાર્મિક કાર્યક્રમ'—શ્રી પંચપરમેષ્ઠિમંડલવિધાન-પૂજા, જિનેન્દ્ર તથા ગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસપૂર્ણ ટેપપ્રવચન, વિડીયો દ્વારા ગુરુ-દર્શન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડીયો-ધર્મચર્ચા, વિદ્વત્શાસ્ત્રપ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ–રાખવામાં આવ્યો છે.

અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય તથા ગુરુભક્તિનો લાભ લેવા માટે આ 'ધાર્મિક કાર્યક્રમ' વખતે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુસમાજને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું સહૃદય આમંત્રણ છે.

## 'સમયસાર ગુજરાતી અનુવાદ'ના પૂર્ણહુતિનો વાર્ષિક દિવસ : વિજયા દશમી

પૂજ્ય ગુરુદેવશ્રીના કૃપાભીના મંગલ આદેશથી તથા પૂજ્ય ભગવતી બહેનશ્રીની પ્રશસ્ત પ્રેરણાથી ઊંડા આદર્શ આત્માર્થી આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહે પરમાગમ શ્રી સમયસારનો ગદ્યપદ્યાનુવાદ કર્યો, અને તેની પૂર્ણાહુતિ વિ.સં. ૧૯૯૬ની વિજયાદશમીના મંગલ દિવસે થઈ હતી. વિજયાદશમી, (તા. ૨૬-૧૦-૨૦૦૧)ના શુભ દિવસે સવારે, ૯૪ વર્ષના વયોવૃદ્ધ આદરણીય પંડિતજીના શ્રીમુખથી નિ:સૃત મંગલ ઉદ્‌ગાર–

"આપણા બધાના–આત્માનું કલ્યાણ થાય એ જ અંતરની ભાવના છે. જેને સમયસારનો સાચો પ્રેમ જાગે તે અવશ્ય આત્માને પામીને મોક્ષને પામે જ. આથી બધા જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે સમયસાર વાંચવું જોઈએ.

આત્મા સમાન સમયસાર શાસ્ત્ર અર્થાત મોક્ષ આપે એવું ઉત્તમ શાસ્ત્ર છે.

સમયસારમાં મોક્ષમાર્ગ બતાવવો છે. સમયસાર વસ્તુનું મૂળભૂત સ્વરૂપ બતાવે છે."

નમઃ શ્રીસીમન્ધરદેવાય નમઃ શ્રીકહાનગુરુદેવાય વન્દે ભગવતીમાતરમ્

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ પ્રેરિત

## *શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત*

# પંચમ બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર

(તા. ૨૫-૧૨-૨૦૦૫ થી તા. ૩૦-૧૨-૨૦૦૫)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગે આપણે સર્વ મુમુક્ષુ સમાજ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઉંડા તત્વ સંસ્કારનું સિંચન આપણી ભવિષ્યની પેઢીમાં આવે, એ અત્યંત આવશ્યક છે. ધર્મના મૂળભૂત સિદ્ધાંતો અંગ્રેજી અને ગુજરાતી સરળ ભાષામાં નવી પેઢી સમજી શકે તેનો પ્રયાસ શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આગલા વર્ષોમાં ચાર અધ્યાત્મિક જ્ઞાન શિબિરમાં (લોનાવાલા, ચિપલુન કોસબાડ તથા સોનગઢ)માં કરવામાં આવેલ. આવી જ્ઞાન શિબિરમાં આપણાં બાળકોએ ખૂબ જ રસ અને રૂચી બતાવી હતી.

ગયા વર્ષે આવી શિબિરનું આયોજન પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરી મધ્યે કરવામાં આવ્યું ત્યારે આ અધ્યાત્મ અતિશયક્ષેત્રનાં દર્શન-પૂજન-ભક્તિ તથા આધ્યાત્મિક વાતાવરણથી પ્રભાવિત થઈ નિર્ણય કરવામાં આવ્યો હતો કે હવે આગામી શિબિરનું આયોજન સુવર્ણપુરી મધ્યે જ કરવું. આ મુજબ આ પંચમ શિબિરનું આયોજન સુવર્ણપુરી મધ્યે તા. ૨૫-૧૨-૨૦૦૫ થી તા. ૩૦-૧૨-૨૦૦૫ સુધી કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ભાગ લેવાથી ધાર્મિક સંસ્કાર સિંચન સાથે સાથે પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રીના ચરણ-કમળથી પવિત્ર સુવર્ણપુરીના ભવ્ય જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો લાભ મળશે. તદ્ઉપરાંત પૂ. ગુરુદેવશ્રીના પવિત્ર જન્મધામ ઉમરાળાના દર્શનનો પણ લાભ મળશે.

આ શિબિરનું આયોજન મુંબઈ નિવાસી શ્રી જ્યોતીબેન શાહ પરિવારના સૌજન્યથી કરવામાં આવ્યું છે. વડીલો માટે પણ આ સમય દરમ્યાન આધ્યાત્મિક શિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવશે. આ અધ્યાત્મિક જ્ઞાન શિબિરમાં ડૉ. કિરીટભાઈ ગોસલીયા **(USA)**, શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી રમેશભાઈ મહેતા (સલાલ), વિગેરે અધ્યાપકો દ્વારા અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમમાં પાવર પોઈન્ટ પ્રોજેક્ટર દ્વારા શિક્ષણ ક્લાસનું આયોજન કરવામાં આવશે. તો આપ સર્વેને આપના બાળકોને આ અધ્યાત્મિક જ્ઞાન શિબિરમાં મોકલવા ખાસ અનુરોધ છે.

લિ.

શ્રી કહાન પુષ્પ પરિવાર વતી

હસમુખભાઈ વોરા ચીમનભાઈ મોદી જિતુભાઈ શાહ

ના જય જિનેન્દ્ર

## વૈરાગ્ય-સમાચાર :—

★ લાઠીનિવાસી (હાલ મુંબઈ) ગુરુ-પ્રસાદના તંત્રી શ્રી કાંતિભાઈના ધર્મપત્ની શ્રીમતી પુષ્પાબેન કાંતિભાઈ મોટાણી (વર્ષ-૭૩) તા. ૨૯-૯-૦૫ના રોજ ઓચિંતા હાર્ટફેઈલ થતાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ધાર્મિક આયોજનમાં ઉત્સાહપૂર્વક ભાગ લેતા હતાં. તેઓ ઘણા જૂના અનુયાયી હોઈને તેમણે પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો જ લાભ લીધો હતો.

★ દહેગામનિવાસી (હાલ અમદાવાદ) શ્રી રતિલાલ મોહનલાલ શાહ (વર્ષ-૮૯) [–તે તંત્રીશ્રી હીરાભાઈના બનેવી] તા. ૨૪-૯-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

★ રાણપુરનિવાસી વૃજલાલ હરગોવિંદદાસ શાહ (વર્ષ-૭૦) તા. ૨૫-૯-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

★ સાયલાનિવાસી (હાલ અમદાવાદ) શ્રી રાજીવભાઈ ભાનુભાઈ શાહ (વર્ષ-૪૦) તા. ૨૮-૯-૦૫ના રોજ કેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

★ અમદાવાદનિવાસી સ્વ. શ્રી ચંદુલાલ શીવલાલ સંઘવીના સુપુત્ર શ્રી સુબોધભાઈ (વર્ષ-૭૦) તા. ૮-૧૦-૦૫ના રોજ અચાનક હાર્ટફેઈલ થઈ જતાં સ્વર્ગવાસ પામ્યા છે.

★ વઢવાણનિવાસી (હાલ અમદાવાદ) શ્રી ગુલાબબેન ઈન્દ્રવદનભાઈ કામદાર (વર્ષ-૭૮) આસો સુદ પૂનમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

★ મૂળ ધાંગ્રધાનિવાસી (હાલ સોનગઢ) બ્ર. સુશીલાશ્રી (મહારાજ) (વર્ષ-૮૨) આસો સુદ-૧૦ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે નાની ઉંમરે શ્વેતામ્બર સમ્પ્રદાયમાં દીક્ષા લીધા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીનો સત્ સમાગમ થતાં, તત્ત્વજિજ્ઞાસાથી તેઓએ તેમની સાથેના બીજા સાધ્વીઓ સહિત સોનગઢમાં આજીવન સ્થાયી નિવાસ કર્યો અને તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો.

★ ખંડવાનિવાસી શ્રી મોતીલાલજી (વર્ષ-૮૩) તા. ૧૭-૧૦-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમના સુપુત્ર શ્રી સુભાષભાઈએ (૬૦ વર્ષ) સગા-સંબંધીઓને પિતાજીના મરણ સમાચારની બધે જાણ કર્યા બાદ ૨ કલાકમાં ઓચિંતા હાર્ટફેઈલ થઈ જતાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ બન્ને ધાર્મિક પ્રવૃત્તિમાં અતિ ઉત્સાહી હતાં, તેમજ તત્ત્વરસિક હતા.

★ વાંકાનેરનિવાસી (હાલ-અમેરિકા) શ્રી અમૃતલાલ વખતચંદ મહેતા (વર્ષ-૮૪) તા. ૬-૧૧-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વની ઘણી રુચિ હતી.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. ❊

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ સુવર્ણને વાન-ભેદથી જોતાં વાન-ભેદરૂપ પણ છે અને સુવર્ણમાત્રથી જોતાં સુવર્ણમાત્ર છે, વાન-ભેદ જૂઠા છે. તેમ જીવવસ્તુને નવતત્ત્વના ભેદરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ, ગુણ-ગુણીભેદરૂપ જોતાં તે ભેદ સત્યાર્થ છે. વસ્તુ ભેદરૂપ પણ છે અને જીવને વસ્તુમાત્રપણે જોતાં તે બધાંય ભેદ જૂઠા છે. વસ્તુ અભેદ-ભેદરૂપ છે પણ સરાગીને ભેદ દેખતાં વિકલ્પ ઊઠે છે ને અભેદરૂપ દેખતાં નિર્વિકલ્પ અનુભવ થાય છે. કેવળીને ભેદ દેખવા છતાં વીતરાગ હોવાથી રાગ ઊઠતો નથી, સરાગીને ભેદ ઉપર લક્ષ જતાં રાગ થાય છે. ભેદને દેખવું તે રાગનું કારણ નથી પણ સરાગીને ભેદ દેખતાં રાગ ઉત્પન્ન થાય છે તેથી સરાગીને નિર્વિકલ્પતાનું પ્રયોજન હોવાના કારણે ભેદનું લક્ષ ગૌણ કરી અભેદનું લક્ષ કરવા કહ્યું છે. ૩૭૫.

❀ અનંત દ્રવ્યનો હું કર્તા નહિ એમ જ્યાં જ્ઞાનમાં નક્કી કરે, ત્યાં હું તેનો જાણનાર અનંત છું એમ પોતાના જ્ઞાનની અનંતતા બેસતાં રાગનો અંત આવી જાય છે. અનંત જ્ઞેયોને જાણી લેતાં, જ્ઞેયોનો અંત આવી જતો નથી, પરંતુ પોતાના જ્ઞાનની અનંતતા જેને બેઠી તેને રાગની એકતા તૂટીને રાગનો અંત આવી જાય છે. ૩૭૬.

❀ વસ્તુમાં ક્ષણે ક્ષણે નવી અવસ્થાનું ઊપજવું અને પૂર્વની અવસ્થાનું વિનશવું થયા જ કરે છે તે ક્યાં જતું રહે? ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યની એકતાસ્વરૂપ વૃત્તિ તે પરિણામનું લક્ષણ છે. પોતાની મૂળ જાતિને છોડ્યા વિના પર્યાયમાં બદલતા રહેવું તે તો વસ્તુનો પરિણમનસ્વભાવ છે; સ્વભાવ ક્યાં ચાલ્યો જાય? આત્મા પણ, વસ્તુ હોવાથી, પર્યાયસ્વભાવને લીધે, દ્રવ્યસ્વભાવે કાયમ ટકીને અવસ્થાઓ બદલ્યા જ કરે છે. નિજ આત્મવસ્તુ દ્રવ્ય તેમ જ પર્યાયસ્વરૂપ હોવા છતાં દૃષ્ટિ તો માત્ર તેના ત્રિકાળી ધ્રુવ સ્વરૂપનો જ સ્વીકાર કરે છે. પરિણામ હોવા છતાં, કલ્યાણ માટે આશ્રય કરવા યોગ્ય તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ જ છે. દૃષ્ટિના વિષયની પ્રમુખતામાં વર્તમાન શુભાશુભ પરિણામ ગૌણ થઈ જાય છે, પરિણમન ક્યાંય ચાલ્યું જતું નથી. સિદ્ધમાં પણ પરિપૂર્ણ શુદ્ધ પરિણમન તો નિરંતર થયા જ કરે છે. સિદ્ધપણું પોતે પણ આત્માની પૂર્ણ શુદ્ધ પર્યાય છે. ૩૭૭.

ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૩૪ "આત્મધર્મ" Postal Regn. No. G.BV. 10/2003-05

## * જ્ઞાનમાત્ર ભાવ હું છું *

બાહ્યજ્ઞેયો જ્ઞાનથી જુદાં છે, જ્ઞાનમાં પેસતા નથી. જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે, પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે. તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. આ રીતે પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા —એ ત્રણે ભાવોયુક્ત સામાન્ય-વિશેષસ્વરૂપ વસ્તુ છે. આવો 'જ્ઞાનમાત્ર ભાવ હું છું' એમ અનુભવ કરનાર જ્ઞાની પુરુષ અનુભવે છે. —*પુરુષાર્થમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]
Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662
Copies : 5100